# સરદાર પટેલ યુનિવર્સિટી

યુનિવર્સિટી રોડ, પો. બો. નં. ૧૦
વલ્લભવિદ્યાનગર - ૩૮૮ ૧૨૦ (ગુજરાત) ભારત
**નેક એક્રીડેશન : ગ્રેડ 'એ' સીજીપીએ-૩.૨૫**
**(૨૩-૧-૨૦૧૭ થી ૨૨-૧-૨૦૨૨)**

ફોન : (૦૨૬૯૨) ૨૨૬૮૦૮/૮૫
ફેક્ષ નંબર : (૦૨૬૯૨) ૨૩૬૪૭૫
E-mail: exam_spu@spuvvn.edu
Website: www.spuvvn.edu


અગત્યનો

પરિપત્ર

## વિદ્યાર્થીઓને જાણવા જોગ

વિષય : Merit Based Progression યોજના હેઠળ વિદ્યાર્થીના માર્કશીટની ગણતરી બાબત.

સંદર્ભ : (૧) યુજીસી ન્યુ દિલ્હી, પત્ર ક્રમાંક D.O.No. F-1-1/2020 (Secy)તારીખ : ૨૯/૦૪/૨૦૨૦.

(૨) ગુજરાત સરકારશ્રીનાં શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક કરન/૧૦૨૦૨૦/૦૯૦૫૨૦૨૦ /ખ-૧તારીખ : ૨૪/૦૫/૨૦૨૦.

(૩) યુનિવર્સિટી પરિપત્ર ક્રમાંક ઇ-૩/૪૫ તારીખ : ૦૪/૦૬/૨૦૨૦.

ઉપરોક્ત સંદર્ભના અનુસંધાનમાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં ઇન્ટરમીડીએટ સેમેસ્ટરના વિદ્યાર્થીઓને ઉપરોક્ત સંદર્ભ (૨) માં સુચીત Merit Based Progression યોજના હેઠળ (નીચે મુજબ) વિદ્યાર્થીઓના માર્કસની ગણતરી કરી પરીણામો જાહેર કરવામાં આવેલ છે.

દાખલા તરીકે યુનિવર્સિટીમાં આંતરીક મૂલ્યાંકનનાં ૩૦ ગુણ છે તેમાંથી વિદ્યાર્થીએ ૨૦ ગુણ મેળવેલ હોય અને તરત અગાઉના (પ્રિવીયસ) સેમેસ્ટરનાં યુનિવર્સિટી પરીક્ષાનાં ૧૦૦ ગુણમાંથી તે વિદ્યાર્થીએ ૭૦ ગુણ મેળવેલ હોય તેવા કિસ્સામાં નીચે મુજબ માર્કસની ગણતરી કરવામાં આવેલ છે.

| | | | |
|---|---|---|---|
| આંતરિક મૂલ્યાંકનના ૫૦% ગુણની ગણતરી | કુલ ગુણ ૫૦ | આંતરિક મૂલ્યાંકનના ૩૦માંથી મળેલ ગુણ દા.ત.૭૦ ગુણ | આંતરિક મૂલ્યાંકનના કુલ ગુણ એટલે ૨૦/૩૦ના ૫૦%= ૫૦X૨૦/૩૦ = ૩૩.૩૩ ગુણ |
| તરત અગાઉના (પ્રિવીયસ) સેમેસ્ટરનાં ૫૦% ગુણની ગણતરી | કુલ ગુણ ૫૦ | કુલ ગુણ ૧૦૦ માંથી મળેલ ગુણ દા.ત. ૭૦ ગુણ | તરત અગાઉના (પ્રિવીયસ) સેમેસ્ટરનાં કુલ ગુણ એટલે કે ૭૦ના ૫૦% = ૩૫ ગુણ |
| વિદ્યાર્થીને મળવાપાત્ર ગુણ | કુલ ગુણ ૧૦૦ | | ૩૩.૩૩+૩૫=૬૮.૩૩ ગુણ = ૬૮ ગુણ (પૂર્ણાંકમાં ગણતા) |

(૧) કોઇ વિષયમાં વિદ્યાર્થી અનુત્તિર્ણ થયેલ હોય તો પણ ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ માટે તે વિદ્યાર્થીને "Carry Forward કરીને આગામી સેમેસ્ટરમાં બઢતી આપવાની રહેશે. જે વિષયમાં વિદ્યાર્થી અનુત્તિર્ણ થયેલ હોય કે ગેરહાજર રહેલ હોય તે વિષયમાં તે વિદ્યાર્થીએ જ્યારે પરીક્ષા લેવામાં આવે ત્યારે તે પરીક્ષા આપીને તેમાં ઉત્તીર્ણ થવાનું રહેશે.

(૨) વધુમાં જણાવવાનું કે સ્નાતક કક્ષાએ જે વિષયોમાં ઇન્ટરનલ પરીક્ષા ન હોઇ તથા ફક્ત એક્ષટર્નલ પરીક્ષા જ હોઇ તેવા વિદ્યાર્થીઓનાં ૧૦૦% ગુણ તરત અગાઉનાં (પ્રિવીયસ) સેમેસ્ટરનાં ગણત્રીમાં લેવામાં આવેલ છે. સદર બાબતને ધ્યાને લેતા યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા એક્ષટર્નલ અભ્યાસક્રમોમાં સ્નાતક કક્ષાના એસવાય ના (S.Y.B.A. & S.Y. B.Com. External Students) વિદ્યાર્થીઓને Merit Based Progression યોજનાનો લાભ આપવામાં આવશે.

(૩) યુનિવર્સિટીનાં સીબીસીએસ રેગ્યુલેશન આર ૬.૧૧.૨ અંગે કોવિડ-૧૯ને ધ્યાને લેતા જે વિદ્યાર્થીઓને સને ૨૦૧૮-૧૯માં પ્રવેશ મેળવેલ છે તેવા વિદ્યાર્થીઓને પ્રથમ તથા દ્વિતીય સેમેસ્ટરમાં ત્રણ કરતા વધુ વિષયોમાં એન.સી. હશે તેવા વિદ્યાર્થીઓને પાંચમાં સેમેસ્ટરમાં ખાસ કિસ્સા તરીકે પ્રવેશ મેળવી શકશે.

(૪) સ્નાતક કક્ષાએ યુનિવર્સિટી પરીક્ષામાં ગેરરીતી આચરતાં પકડાયેલ વિદ્યાર્થીઓની પરીક્ષા શુધ્ધિ સમિતિ દ્વારા જે કઇ પણ સજા કરવામાં આવેલ છે તે મુજબ જ કાર્યવાહી કરવાની રહેશે.

(૫) તરત અગાઉના સેમેસ્ટર અથવા વર્ષના ગુણ ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સામાં આંતરિક મૂલ્યાંકનના આધારે ૧૦૦% ગુણાંકન કરવાનું રહેશે.

(૬) સ્નાતક કક્ષાએ જે વિદ્યાર્થીઓને Merit Based Progression યોજના હેઠળ પોતાને મળેલ ગુણમાં (ગ્રેડમાં) સુધારો કરવા ઇચ્છતા હોઇ તેવા વિદ્યાર્થીઓએ તેઓને માર્કશીટ ઇશ્યુ કર્યાના ૧૦ દિવસમાં નીચે જણાવ્યા મુજબના ફોર્મેટમાં અરજી કરાવવાની રહેશે તથા સદર અરજી Exam_spu@spuvvn.edu ઉપર ઇ-મેઇલ કરવાની રહેશે.

પ્રતિ
કુલસચિવશ્રી
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર.

વિષય : Merit Based Progression યોજના હેઠળ મળેલ પરીણામ બાબત.

સુજ્ઞશ્રી,

ઉપરોક્ત વિષયનાં અનુસંધાનમાં જણાવવાનું કે યુનિવર્સિટી દ્વારા કોવિડ-૧૯ ની મહામારીને ધ્યાને લેતા Merit Based Progression યોજના હેઠળ જાહેર કરેલ પરીણામથી મને સંતોષ ન હોય સદર પરીણામ ન સ્વીકારતા હું હવે પછી યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી પરીક્ષા આપવા અંગેના વિકલ્પનો સ્વીકાર કરૂ છું તથા Merit Based Progression યોજના હેઠળ મળેલ માર્કશીટ યુનિવર્સિટીમાં પરત જમા કરાવવા બાહેંધરી આપુ છું. તથા યુનિવર્સિટી દ્વારા હવે પછી જે કઇ પરીક્ષા લેવામાં આવશે તેમાં મારૂ જે કઇ પરીણામ આવશે તે મને માન્ય રહેશે. મારી વિગત નીચે મુજબ છે.

કોલેજનું નામ : ______________________________
વિદ્યાર્થીનું નામ : ______________________________
પરીક્ષાનું નામ : ______________________________
પરીક્ષાનો સીટ નંબર : ____________________
વિદ્યાર્થીનો આઇડી નંબર : ____________________
વિદ્યાર્થીનો મોબાઇલ નંબર : ____________________ વિદ્યાર્થીની સહિ

(૭) ઇન્ટરમીડીએટ સેમેસ્ટર પરીક્ષાઓ માટેપરીક્ષાલક્ષી બાબતમાં કરેલ જરૂરી ફેરફારો અંગેની જોગવાઇ Covid-19 ની મહામારીના કારણે ઉદભવેલી પરિસ્થિતિને અનુલક્ષીને માત્ર ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ માટે જ કરવાની થાય છે.

(૮) ઉપરોક્ત સૂચનાઓને વિવિધ સત્તામંડળની મંજૂરીની અપેક્ષાએ માનનીય કુલપતિશ્રી દ્વારા મંજૂર કરેલ છે.

(૯) ઉપરોક્ત સુચનાઓને કાર્યાન્વીત કરતા કોઇ પણ પ્રશ્ન ઉદભવે તો તેના નિવારણ અર્થે માનનીય કુલપતિશ્રી દ્વારા જે કઇ નિર્ણય લેવાય તે અંતિમ ગણાશે.

નંબર/ઈ-૩/ 564
વલ્લભ વિદ્યાનગર
તારીખ : ૨૪/૦૭/૨૦૨૦

કાર્યકારી કુલસચિવ